ફુગ વૈવિધ્ય અને ક્લાઈમેટ ચેન્જ

ફૂગનું બહુવચન ફંગસૂ. હરિદદ્રવ્ય વગરની એક પ્રકારની એકાંગી વનસ્પતિ કે જે મૃતજીવી, મૃતભક્ષી કે પરજીવી હોય છે. સ્થાનિક ભાષામાં આપણે તેને 'બિલાડીની ટોપ' તરીકે પણ ઓળખીએ છીએ.

પ્રથમ દૃષ્ટિએ આપણે તેને નુકશાનકારક કે હાનિકારક માનીને બિન ઉપયોગી સમજીએ છીએ. પરંતુ પારિસ્થિતિક તંત્રમાં તેઓ ખુબ જ મહત્ત્વનો ફાળો છે તે મોટાભાગના લોકોની જાણમાં નથી.

લેહો ટેડરસ્ નામના યુનિવર્સિટી, એસ્ટોનીયાના વૈજ્ઞાનિકના નેતૃત્વ હેઠળ વૈશ્વિક ફંગલ જૈવ વિવિધતા વિષય પર વૈજ્ઞાનિકોની ટુકડીએ એક મહત્ત્વનો અભ્યાસ કર્યો. આ ટુકડીએ વિશ્વના ૪૦ દેશોના ૩૫૦ સ્થળોએ જમીનના જુદા જુદા ૪૦ પડોના નમૂનાઓ એકત્ર કર્યા. આ કાર્યમાં ૩૫ જેટલી સંશોધન સંસ્થાઓને સામેલ કરવામાં આવી. અભ્યાસ દરમિયાન તેઓએ ફંગસૂ સમુદાયનું વિતરણ, વ્યાપ, ફેલાવો, વૈવિધ્ય ઉપરાંત જમીનની સાંદ્રતા, વરસાદની પેટર્ન, વનસ્પતિ વૈવિધ્ય જેવી બાબતોને ધ્યાનમાં લીધી.

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

જમીનના નમૂના એકત્રીકરણ કાર્યમાં એમેઝોનના વરસાદી વનો, હિમાલયના પર્વતીય ક્ષેત્રો, સાઈબિરીયાના રણપ્રદેશો જેવા વિવિધ પરિસરતંત્રોને આળરી લીધા. જેમાં વિશ્વમાં એક લાખથી વધુ જાણીતા વિવિધતા છે. તે પૈકી અડધી જેટલી ફુગનો સમાવેશ કર્યો અને તેમના નમૂનાઓમાં ફંગસૂ ડી.એન.એ. નો અભ્યાસ હાથ ધર્યો.

આ અભ્યાસ દરમિયાન ફંગી સમૂહનો પારિસ્થિતિક રોલ કેન્દ્રમાં રખીને તેને બે સમુહમાં વહેંચવામાં આવ્યા, જેમાં સમૂહ કે જે વિઘટકો કે મૃતજીવીઅઓ (Saprotrophs) ને મૂક્યા અને બીજો સમુહ જીવતી વનસ્પતિના મૂળ કોષ અને ફુગ વચ્ચેના બીન રોગજન્ય સંબંધ કે જેને 'એકટોમાઈકરો રાઈઝલ' એટલે કે પરજીવી પ્રકારના સંબંધ કહે છે તેને મુકવામાં આવ્યા.

પૃથ્વીના વાતાવરણમાં સામાન્ય રીતે સંગ્રહ થતાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ છે તેના કરતાં ત્રણ ઘણો કાર્બન ડાયોકસાઈડ જમીનમાં સંગ્રહ થાય છે. પરંતુ વર્ષ ૨૦૧૪માં સ્મીથ સોનીયા ટ્રોપિકલ રીસર્ચ સંસ્થાના વૈજ્ઞાનિકો દ્વારા નેચર મેગેઝીનમાં રજૂ થયેલ અભ્યાસના તથ્યો મુજબ વનસ્પતિના મૂળ સાથે સહજીવન જીવતી ફુગની જાતોની મદદથી જમીનમાં ૭૦% વધુ કાર્બન ડાયોકસાઈડ સંગ્રહ થઈ શકે છે. આ પ્રાકરની સહજીવી ફુગ મૃતવનસ્પતિમાંથી મૃતજીવી ફુગની જાતિઓ કરતાં નાઈટ્રોજન વધુ પ્રમાણમાં શોષી શકે છે.

આ પૃથ્વી પર ૫૦૦૦ લાખ વર્ષથી અસ્તિત્વ ધરાવતી સામાન્ય લાગતી ફૂગ આપણી ધરતી પરના કાર્બન અને નાઈટ્રોજન જેવા જૈવ રાસાયણિક ચક્રોમાં ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે. સ્વસ્થ અને ખેતીલાયક જમીન માટે મૃત સેન્દ્રીય પદાર્થોમાં રહેલા પોષક તત્ત્વોને જમીનમાં ભેળવવાનું મહત્ત્વનું કાર્ય તો તે કરે જ છે પણ સાથે-સાથે કાર્બન ચક્રમાં તેના મહત્ત્વના રોલને કારણે તે 'ક્લાઈમેટ ચેન્જ'માં પણ મહત્ત્વનું કાર્ય કરે છે. જેના વિશે આપણે હજુ ઘણું ઓછું જાણીએ છીએ. ફુગની જૈવિક વિવિધતાનો આબોહવા પરિવર્તન સાથે સીધો સંબંધ છે તે આપણે વિસ્તૃત રીતે સમજવાનો છે. કાર્બન ચક્ર અને કાર્બન સંચયના પ્રમાણ પર મૃતજીવ અને પરજીવી ફુગનું પ્રમાણ કે વૈવિધ્યની જાણકારી આપણને ક્લાઈમેટ ચેન્જની સમસ્યાના નિરાકરણના પગલાઓ માટે અતિ ઉપયોગી બને તેમ છે.

જમીનની ફળદ્રુપતા માટે ઉપયોગી વિવિધ જૈવ રાસાયણિક ચક્રોમાં મહત્ત્વની કડીરુપ ભાગ ભજવીને જમીનને જીવંત રાખે છે. સૃષ્ટિના આ સુક્ષ્મ તાણાવાળા કે આંતરસંબંધોની સુરક્ષા, સમજ અને ટકાઉપણું જ આપણાં અસ્તિત્વનું કારણ છે જે સમજવું રહ્યું.

શિવસેનાની સાફ સાફ રજૂઆત

તંત્રીસ્થાનેથી....

બાળાસાહેબ ઠાકરેની ગેરહાજરીમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા પોતાની સાથે થતા વ્યવહાર મુદ્દે નારાજગી પ્રગટ કરતું વિશાળ પોસ્ટર નરેન્દ્ર મોદીને શિવસેનાના સંસ્થાપકના ચરણ સ્પર્શ કરતા દર્શાવે છે. શું તમે એ વાત ભૂલી ગયા કે ?- એવા કટાક્ષ સાથે આ પોસ્ટર દ્વારા શિવસેનાના વર્તમાન સંવાહક અને બાળાસાહેબ ઠાકરેના સુપુત્ર ઉદ્ધવ ઠાકરે હવે ખુલ્લંખુલ્લા ભાજપ અને મોદી વિરુદ્ધ રણે ચડ્યા છે. પોતાની હેસિયતનું વજૂદ દર્શાવવા દશેરાના પરંપરાગત સંમેલનમાં ઉદ્ધવ ઠાકરેએ શાસક પાર્ટી અને એના અરૂણ જેટલી જેવા બૌદ્ધિક નેતાને લબડધક્કે લીધા હતા. સુધીન્દ્ર કુલકર્ણીનું મોઢું કાળું કરવાથી નહીં પરંતુ દાદરી જેવી ઘટનાઓથી દેશની પ્રતિમા ઝંખવાય છે, એવું વિધાન કરીને શિવસેનાને 'બીફ' મુદ્દે પણ ઉદાર વલણ દાખવ્યું છે. ઘેર ઘેર જઈ બીફ શોધવાને બદલે મોંઘવારી ઘટાડવા માટે કેન્દ્ર સરકારને અને મહારાષ્ટ્રની યુતિ સરકારને હાકલ કરી છે. શિવસેના સુપ્રીમો હવે બીફ મુદ્દે નરમ પડ્યા છે અને જનજીવનને સ્પર્શતા મોંઘવારીના મુદ્દાને એમણે અગ્રતાક્રમે મુક્યો છે. વળી તેઓ એમની પાર્ટીના પાકિસ્તાન વિરોધી વલણને વાજબી ઠેરવવા મથી રહ્યા છે. એમને પાકિસ્તાની ગઝલ ગાયક સામે કશો અંગત રાગદ્વેષ નથી, પરંતુ જે દેશ સરહદ પર હિન્દુસ્તાની સૈનિકોનું લોહી વહેવડાવતો હોય અને આતંકવાદીઓ દ્વારા દેશને દહેશતભરી દશામાં ઊંચા જીવે રાખતો હોય એની સામે સંપૂર્ણ બહિષ્કારનું શસ્ત્ર જ ઉગામવું પડે, એવો એમનો અભિગમ આમજનતાને પણ ગળે ઊતરી શકે એવો છે. એમણે પાક નેતા કસૂરીના પુસ્તકનું વિમોચન કરવા મહાનગરના આંગણે આવેલા સુધીન્દ્ર કુલકર્ણીને પાકિસ્તાનના એજન્ટ ગણાવી એમનું મોં કાળું કરાવ્યું, એથી દેશની ઈમેજ દુનિયાનાં ચોકમાં ઘટી હોવાનું તેઓ સ્વીકારતા નથી. એ મુદ્દે ખુદ રાષ્ટ્રપતિએ સહિષ્ણુતાનો ઉપદેશ આપતું નિવેદન કર્યું હતું અને અરૂણ જેટલીએ પણ સરકાર અને શાસક પક્ષ આવી હરકતોને વખોડે છે એવી રજૂઆત કરીને આવા અપકૃત્યોથી દુનિયામાં ભારતીય સંસ્કૃતિની મૂઠી ઊંચેરી ઈમેજને આંચ આવતી હોવાની સુફિયાણી સલાહ આપી હતી. જેટલીને શિવસેના સુપ્રીમોએ જડબાતોડ જવાબ આપી એમનું સ્ટેન્ડ સાચું હોવાનો ખુલાસો કર્યો છે. જે માણસ મોદી સામે બાથોડિયાં ભરી શકતો હોય એને જેટલી શા હિસાબમાં? એટલે શિવસેના સુપ્રીમોએ બહુ જ સ્પષ્ટ ભાષામાં કહી દીધું છે કે તેમની પાર્ટી સત્તામાં ભાગીદારી કરતાં રાષ્ટ્રહિતને હિંદુ હિતને વધુ મહત્ત્વ આપે છે. ભાજપે આપેલાં વચનો પાળવાની દરકાર કરી નથી, એવો એમનો સ્પષ્ટ અભિપ્રાય છે. 'મંદિર વહી બનાયેંગે, પર તારીખ નહીં બતાયેંગે' - વાળી ભાજપની છેતરામણી રાજનીતિનો પર્દાફાસ કરી શિવસેના સુપ્રીમોએ અદલ એમના દિવંગત પિતાની જ ભાષામાં સ્પષ્ટ સંકેત આપી દીધો છે કે આગામી દિવસોમાં કોઈ પણ ક્ષણે યુતિ સરકારમાંથી એ ટેકો પાછો ખેંચી લઈ એની રાષ્ટ્રભક્તિ અને હિંદુત્વવાદી રાજનીતિનું વધુ એક પ્રમાણ રજૂ કરી શકે છે.

સ્માઈલ ફલૂ

સ્માઈલ ઈઝ ટેક્સ ફ્રી, સ્માઈલ પ્લીઝ...! ક્યારેક આ પ્રકારનું લખાણ આપના વાંચવામાં જરુર આવ્યું હશે. વાંચવાની સાથે જ આપના ચહેરના પર સ્માઈલ જરુર ફળી વળ્યું હશે. બીજું એક સુવાક્ય છે કે... ઈટ ટેઈક્સ સેવન્ટી ટુ મસલ્સ ટુ ફ્રાઉન, ઓન્લી પોર્ટીન ટુ સ્માઈલ. આપણે ગણતરી વાળી પ્રજાને ઓછા મસલ્સ વાપરતાં સ્માઈલ કરવા મળતું હોય તો વિચારવા જેવું ખરું. વળી હસે... તેનું... ઘર વસે, એવી અનુભવીઓની વાણી છે. આમાં ક્યારેય એવું પણ બનતું હોય છે કે, ઘર વસ્યા પછી ઘણાનું હસવાનું કાયમી ધોરણે બંધ થઈ જતું હોય છે.આ સ્માઈલી નામનો વાઈરસ બહુ ચેપી છે. તેની અસરમાં આવી જતાં વાર લાગતી નથી. ક્યારેક કોઈક બાળકની તોફાની હરકત અથવા કોઈની રમૂજી ટિપ્પણી આપણને મલકાવી દેતી હોય છે. ક્યારેક આપણી જ નાનકડી ફૂલ આપણને એકલાં એકલાં હસાવી દેતી હોય છે. ઘણા સેવાભાવી લોકો દર્દથી કણસતા દર્દીઓને હસાવવા માટે હોસ્પિટલોમાં જતા હોય છે. તો કેટલાંક અનાથઆશ્રમ કે વૃદ્ધાશ્રમમાં જઈને તેમાં વસનારાંઓના ચહેરા પર મુસ્કાન લાવવાની સેવા બજાવતા હોય છે.

કેટલાંકના ચહેરા જ જાણે મરક મરક થતાં હોય છે. એવા વ્યક્તિની હાજરી માત્ર વાતાવરણમાં તાજગી લાવી દેતી હોય છે. તેમનું સાનિધ્ય સહુ કોઈ ઝંખતુ હોય છે. તેવા વ્યક્તિ જેવી સામે આવે તેઓનાં ચહેરા પર હસુ હસુ થઈ જતાં હોય છે. ઘડી ભર તો સામી વ્યક્તિના ચહેરા પરનું સોગીયાપણું થોડી વાર માટે દૂર થઈ જતું હોય છે. સદા મરક મરક થતો ચહેરો હોવો એ 'ગોડ ગિફ્ટ' ગણાય. અમારા પત્નીનો હસમુખો ચહેરો શુકનવંતો ગણીને, શાકની લારીવાળા એક બહેન દરરોજ સવારમાં પહેલી બોણી તેમની પાસે કરવામાં ગૌરવ અનુભવતાં. આ માટે તેમની પાસેથી તેઓ પડતર ભાવ લેતા હતા.

નાના બાળકોને ગલીપચી કરવામાં આવે કે તુરત જ તેઓ ખિલખિલાટ કરતા હસી પડતાં હોય છે. પરંતુ ઘણા એવા લોકો પણ હોય છે કે, ગમે તેટલી ગલીપચી કરીએ તો પણ તેમના વદનની એકેય રેખા પર કશો જ ફેરફાર થતો નથી હોતો. યહાં હસનાં મના હય... એવું એમની આસપાસ જતાં જ લાગવા માંડે. બધાં તો નહીં પણ ઘણાબધાં તંત્રી, મંત્રી અને સંત્રીઓની પાસે જતાં જ ક્યારેક આવો અહેસાસ થવા લાગતો હોય છે. જાણે સ્માઈલ ફલૂ વિરોધી રસી આ લોકોએ લઈ રાખી ના હોય. તેવા મહાનુભાવોને માટે કહેવું પડે... હસો... હસવામાં પૈસા પડે તેમ નથી.

કેટલાંક ચહેરા સામાન્ય પ્રકારના હોય છે. જેવા સાથે તેવા. કોઈ સ્માઈલ આપે તો સ્માઈલ આપે અને કોઈ ઉપેક્ષા કરે તો ઉપેક્ષા કરે. તો કેટલાંકના ચહેરા હસમુખા હોય છે. બસ મરક મરક થયાં જ કરે. જાણે ફૂલડાં ઝરતાં હોય. જયારે કેટલાંકના ચહેરા મહોરાં જ ભસમુખા પ્રકારનાં હોય છે. ના સમજ્યાં! હમણાં ભસશે.... હમણાં ભસશે... એવું લાગ્યા કરે. જાણે હોરર ફિલ્મના પાત્ર જોઈ લો. તેઓ હસે તો પણ સામાવાળાના હૃદય બેસી જાય. કેટલાકના ચહેરા અમારા જેવા સોગીયા હોય છે. તેમને જોતાંવેંત એવું લાગે કે જાણે આના ઉપર આખી દુનિયાનાં દુઃખનાં ડુંગર તૂટી પડ્યાં લાગે છે. તમને એક ઉ.દા. આપું. અમે એક વખત શાંતિથી બગીચાના બાંકડા પર એકલા બેઠા હતા. તેવે વખતે અચાનક એક સજ્જન પરોપકારની ભાવનાથી બાજુમાં આવીને અમને પૂછવાં લાગ્યા, 'ભાઈ, તમને કાંઈ થયું છે?'



કટાક્ષિકા
બિપિન ત્રિવેદી

અમને તો દુઃખના માર્યા પર ધરતી મારગ આપે તો તેની અંદર સમાઈ જવાનું મન થઈ ગયું.

અમે આઘાતથી ડઘાઈને કહ્યું, 'ના રે, ના કંઈ નથી થયું.'

પરંતુ અમારાં મનમાં અમે બબડ્યાં કે, 'મુવા! અમારો ચહેરો ભગવાને એવો બનાવ્યો છે. એમાં તારે શું? આઘો ખસ અને તાજી હવા આવવા દે.'

એ જ ઘડીએ અમે બાંકડાની સાક્ષીએ મનોમન ત્રણ પ્રતિજ્ઞા લઈ લીધી. એક તો ક્યારે પણ લઘરવઘર વેશમાં ફરવા નીકળવું નહીં. વટ પડે તેવી ઈસ્ત્રી ટાઈટ કપડાં પહેરીને અને ટીવીમાં બતાવે છે તેવા માદર સ્પ્રેનો ડબલ છંટકાવ કરીને પછી જ ફરવા નીકળવું. બીજું, બગીચામાં ક્યારે પણ વિચારે ન ચડી જવું. અને સોગીયું મોં ન રહે તેની સભાનતા રાખવી. મહત્વની તીસરી કમ એ ખાધી કે બગીચામાં ક્યારેય અને કોઈ પણ સંજોગોમાં એકલા ફરવા જવું નહીં. કાં તો કોઈ મિત્રને સાથે રાખવો અથવા પોતાની પત્નીની સાથે જ ફરવા જવું. આ વાત અમે હજુ સુધી તમારા સિવાય કોઈને કરી નથી હોં કે.

દરેક વાતમાં મારું શું? અને મારે શું? એ પ્રકારની માનસિકતા ધરાવતાં હોય અને સતત પોતાના લાભાલાભ વિશે જ વિચારતાં રહેતાં હોય એવા લોકોને, સ્માઈલ આપવા ઉપર કોઈ લોભામણા પેકેજની ઓફર આપવામાં આવે તો કદાચ ફરક પડે ખરો. આજકાલ સ્માઈલ હવે ટૂથપેસ્ટની જાહેરાતોમાં જ જોવા મળે છે. પહેલા તો કોઈની ચાલ, કોઈની ટાલ, કોઈની

અનુસંધાન પાના નં. ૭ પર

ચેમ્પિયન કભી રીટાયર નહિ હોતે !!!

કોને ખબર હતી કે બચપણમાં પિતાને અનાજ દળવાની ઘંટી પર ઉભા રહીને અનાજ દળતા જોયા હોય એ બાળક કદાચ ત્યારે જ ચક્કીમાં ઘંટીના બે પડ વચ્ચે પીસાઈને પછી લોટ થઈ જતા અનાજનું ઉદાહરણ ભવિષ્યમાં તેજ તોખાર બોલરોને પોતાના બલ્લાની બ્લેડથી પીસતી વખતે યાદ રાખવાનો હતો??... કોને ખબર હતી કે પોતાને ગુરુ માનીને ક્રિકેટ રમતા શીખેલા ખેલાડીની સાથે સામે છેડે ઉભા રહીને ઓવર દર ઓવર ખુદ સચિન ને સ્ટ્રાઈકર એન્ડથી થતી ચોગ્ગા-છગ્ગાની આતશબાજી જોવી પડશે ? ...કોને ખબર હતી કે વિવિયન રિચર્ડ્સની આતશી ઈનિંગ જોઈ નાં શકેલી નવી પેઢીને વિવીઅનના પેગડામાં પગ ઘાલી શકે એવો એક વિસ્ફોટક બલ્લેબાજ જોવા મળવાનો હતો ? ...કોને ખબર હતી કે ટી-૨૦ તો હજુ દુર કી બાત હતી એવા સમયે વન-ડે તો ઠીક પણ ટેસ્ટમાં પણ રન પર બોલની એવરેજથી ધોકાવાળી કરતો કોઈ બેટ્સમેન પાકશે અને એ પણ ઈન્ડીયન ક્રિકેટ ટીમ માં ? ...કોને ખબર હતી કે ટેસ્ટમાં સદીની નજીક પહોચેલો બેટ્સમેન ૯૮ થી ૧૦૦ સુધી પહોચવામાં બીજી ૫૦ બોલ ચાવી જતો એવા સમયે કોઈ માથાફરેલ બેટ્સમેન સિક્સર મારીને સેન્ચ્યુરી પૂરી કરશે...અને એ પણ ટ્રીપલ...!! કોઈને ખબર હોય કે નાં હોય પણ નજફગઢના એક વિરલાને વિશ્વાસ હતો કે હી કેન ડુ ઈટ..!! અને એ વીરલો એટલે બીજો કોઈ નહિ પણ આ લખનાર સહીત કરોડો ક્રિકેટપ્રેમીઓનો લાડલો વીરેન્દ્ર સેહવાગ...ઉર્ફે...મુલતાન કા સુલતાન...ઉર્ફે નજફગઢ કા નવાબ...ઉર્ફે...વીરુ..!! વીરૂના આ બહુ જાણીતા ઉપનામો સિવાય બહુ ઓછાને ખબર હશે કે એનું એક ઓર નામ 'નજફગઢ કા તેન્ડુલકર' પણ છે..!!!

ગાંગુલી, દ્રવિડ, લક્ષ્મણ અને સચિન જેવા દિગ્ગજો વચ્ચે પોતાની આગવી સ્ટાઈલ અને ચાહના ઉભી કરવી અને ટકાવી રાખવી એ કઈ ફૂલટોસ બોલને બાઉન્ડ્રી બહાર પહોચાડવા જેટલું સહેલું કામ નથી, પણ સેહવાગ જેનું નામ...એને સહેલા કામો અમથાય પસંદ નહોતા જ. એક સમયે ક્રીસ શ્રીકાંત માટે કહેવાતું કે મેદાન પર રમવા ઉતરે એટલે રનરેટ, સ્ટ્રેટરજી કે પછી ટીમ મીટીંગ માઘ્રી ફરે, એ હમેશા એની નેચરલ રમત જ રમતો...બસ વિરુભાઈનું પણ એવું જ હતું, સામે કોટની વોલ્શ હોય કે શોએબ અખ્તર....મેકગ્રા હોય, મુસ્તાક અહેમદ હોય કે હોય શોન પોલોક, વિરુનું બેટ બધાને સરખું જ વેલકમ કરવા તત્પર રહેતું. સેહવાગ રમતો ત્યારે એક અરસા પછી શોર્ટલેગના ફિલ્ડરોને ભાન થયું કે વીરૂના 'અપર-કટ' એમના માટે નહિ પણ બાઉન્ડ્રી બહાર બેઠેલા કોઈ દર્શકના ખોળામાં જઈને પાડવા માટે હોય છે!!! કેટલીયવાર વીરુના બાઉન્ડ્રી શોટનો કે સિકસરનો એક્શન રિપ્લે પણ સુપર ફાસ્ટ જ લાગતો !! કેટલીયવાર કેમેરામેન બોલરના હાથમાંથી છુટેલા બોલ પછી વીરુએ કઈ બાજુ બાઉન્ડ્રી બહાર દડાને પહોચાડી દીધો એ શોધવા આમતેમ ફાંફા મારતા જોયા છે...!! જાણે વીરુ નહિ પણ કોઈ વાવાઝોડું રમવા ઉતર્યું હોય મેદાન પર !! બોલરો પરેશાન, ફિલ્ડરો નાસીપાસ અને દર્શકો ખુશખુશાલ...!!!! પહેલા સચિન માટે થોડા લેટ શરુ થતા ટીવી વીરૂના બેટિંગમાં આગમન સાથે પહેલી ઓવરથી જ શરુ થઈ જવા માંડ્યા... ઈટ વોઝ વીરુ મેજિક...

કહેવાય છે કે નિયમ તોડવા માટે જ બનાવાય છે અને વીરુએ આ એકડો બરાબર ઘુટેલો. ડીફેન્સનો ડી તો આ નવાબને ખબર જ નહોતો. ડીફેન્સની અને રેકોર્ડસની જો વીરુએ પરવા કરી હોત તો કદાચ હજુ રમતો હોત કે પછી અનેક રેકોડી એના નામ પર હોત પણ ના, એ તો એની મસ્તીમાં જ રમતો. સાવ લુઝ બોલમાં આઉટ થવું કે એકદમ ક્લાસ બોલને આંખના પલકારામાં બાઉન્ડ્રી બહાર મોકલવો...લોન્ગેસ્ટ સીક્ષર કે ક્લાસી કટ મારવામાં બીજા બેટ્સમેનો ને કેટલુય ફૂટવર્ક એડજસ્ટ કરવું પડતું ત્યારે આ બંદો પગ ને ક્રીજમાંથી હલાવ્યા વગર જ ગગનચુંબી છક્કા ને સુપર સ્પીડી ચોક્કા ફટકારી શકતો . ખબર જ નાં પડે કે કઈ ઘડીએ વીરુ કયો શોટ રમશે કે પછી ક્યાં બોલે આઉટ થશે. પણ વીરુની આ બેબાક બલ્લેબાજી અને અંદાજે જ એને ડોન બ્રેડમેન અને બ્રિયાન લારા જેવા જગતના શ્રેષ્ટ બેટ્સમેનોમાં સામેલ કરાવેલો. હા એના શોટ્સ કોપીબુક સ્ટાઈલ નહોતા તો શું થઈ ગયું ? એમાં એક અજીબ લય હતી...એક ઉન્માદ હતો...એક તાકાત હતી જે એના સમકાલીન બહુ ઓછા બેટ્સમેનોમાં હતી. લગભગ પૂછડિયા કહી શકાય એવી પોઝીશાનથી શરુ કરીને ટોપના બેટ્સમેન સુધી પહોચવામાં શરૂઆતમાં મદનલાલ અને બાદમાં સૌરવ ગાંગુલી અને સચિન તેન્દુલકર જેવા મેન્ટરોના પ્રોત્સાહન સિવાય પણ એક અગત્યની અને ઓરીઝ્ન્લ ચીજ હતી સહેવાગમાં અને એ હતો એનો આત્મવિશ્વાસ એ ખુલ્લેઆમ પ્રેસ કોન્ફરન્સમાં કહી શકતો કે હું વન-ડેમાં ડબલ સેન્ચ્યુરી મારીશ અને મારી પણ બતાવેલી...કોન્ફિડન્સ દેખો બોસ્સ !! કોન્ફિડન્સ જ ને બાકી ૧૩૦-૩૫ની સ્પીડવાળા શોએબ કે વોલ્સના બોલને બાઉન્ડ્રી બહાર કુદાવવામાં બોસ્સ બાવડામાં તાકાત અને દિમાગમાં જનુન જોઈએ...અને એટલે તો એના સુવર્ણકાળ સમયે મોટાભાગની વિરોધી ટીમ વીરુની વિસ્ફોટક ઈનિંગ પછી જાહેરમાં કબુલતી કે 'વી વેર પ્લેયડ અગેન્સ્ટ સેહવાગ એન્ડ નોટ અગેન્સ્ટ ઈન્ડિયા '!!

રગ્ગળપાટ
અજય ઉપાધ્યાય

ક્રિકેટ અનિશ્ચિતતાઓનો ખેલ છે અને એવી જ અનિશ્ચિતતા છે ક્રિકેટરોની કેરિયર બાબતે પણ. વીરુ છેલ્લે કોઈ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યો હોય તો એ હતી છેક માર્ચ ૨૦૧૩ માં...મતલબ અંદાજે અઢી વર્ષ પહેલા...અને એ પણ ટેસ્ટ મેચ, બાકી આખરી વનડે તો એણે છેક ૨૦૧૨માં રમેલો !! એક વણ કહી હકીકત એ પણ છે કે જે ધોનીએ વીરુને રીટાયર થયા પછી વિવિયન રિચર્ડ્સ ગણાવ્યો એ જ ધોનીના ઉગતા શાશન સાથે વીરુનો સિતારો અસ્ત થતો ચાલ્યો. એ પણ હકીકત છે કે ચિતા જેવી ચપળતાથી બોલ પર પ્રહાર કરતો વીરુ કદાચ રીફ્લેક્શનમાં માર ખાતો નજરે પડેલો. એની એક સમયે એક્સરે જેવી લાગતી આંખ નબળી થઈ ગયેલી એવું તો એ જાતે જ કબુલી ચુકેલો પણ સો વ્હોટ ? ચેમ્પિયન કભી રીટાયર નહિ હોતે એ ન્યાયે ક્રિકેટની દુનિયાના આ અજીમો-શાન શહેનશાહને એકાદ ફેરવેલ ટેસ્ટ, વનડે કે એટલીસ્ટ ૨૦-૨૦ મળી હોત તો ભલેને રીફ્લેક્શન ડીમ થઈ ગયા હોત કે બે-અઢી વર્ષથી રમ્યો ના હોય તો પણ આઈ એમ અને ઓફ કોર્સ વી ઓલ આર વેરી મચ સ્યોર કે સેહવાગની વોહી પુરાની આતીશ્બાઝી જોવા મળત મળત અને મળત જ...!!! પણ અફસોસ કે માથા પર આસમાની રૂમાલ બાંધીને બોલરોના ગાભા - છોતરા કાઢતો વીરુ હવે જોવા નહિ મળે....વી વિલ મિસ ધેટ મેસીવ સ્ટ્રાઈકસ એન્ડ માઈટી હિટ્સ વીરુ...!!!

વિસામો :

સેહવાગની પહેલા પહેલા જ ઝાહીરે પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી રીટાયરમેન્ટ લઈ લીધું.... સ્વીંગ અને સ્પીડ બોલીંગના એક શાનદાર ભારતીય યુગનો અંત થયો...!! હું નેક્સ્ટ ?? ગૌતમ ગંભીર ??

- akurjt@gmail.com

અકાદમીના એવોર્ડ્સ - અનામત આંદોલન અને નવી રાજનીતિ

ભારતીય રાજનીતિ અમુક ચોક્કસ સમયાંતરે પોતાનું કાર્યક્ષેત્ર બદલતી રહે છે. અને આવી બદલાતી રાજનીતિને ચલાવનારા રાજનીતિજ્ઞો ભારે કુશાગ્ર બુદ્ધિશાળી અને દરેક દેશોની સામાજિક સંવેદનશીલતાને ઓળખનારા હોય છે. એ દરેક વખતે સમાજની નાડ પારખીને જ રાજનીતિને એ તરફ લઈ જતા હોય છે. ઈતિહાસમાં પણ આ પ્રકારની રાજનીતિના ઉદાહરણો મોજુદ છે.મોગલ શાસન કે અંગ્રેજી શાસન હોય કે ઈ.સ. ૧૯૪૭ ની આજુબાજુના પાંચ દસ વર્ષો હોય. પરંતુ ભારતીય સામાજિક સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને આપણી રાજનીતિએ પોતાનું સ્વરૂપ હંમેશાં બદલ્યું છે. કેમ કે આપણે ભારતીયો જેટલા સંવેદનશીલ છીએ એટલા જ લાગણીજડ છીએ. જેટલી ધાર્મિક શ્રદ્ધા ધરાવીએ છીએ એટલી જ ધાર્મિક અંધશ્રદ્ધા પણ ધરાવીએ છીએ. જેને ઈશ્વર પણ બદલી શકતો નથી. એ પછી ૧૯૮૫નું અનામત આંદોલન હોય કે અત્યારનું. છદ્દી ડિસેમ્બરની ઘટના હોય કે ૨૦૦૨ની ઘટના હોય. આવી અનેક ઘટનાઓએ બદલાતી રાજનીતિના પ્રથમ અધ્યાયો લખ્યા છે. અને એમાં આપણે સૌ એ આપણી સંવેદનશીલતા અને લાગણીજડતા સિદ્ધ કરી બતાવી છે. ભારતીય તરીકે આપણા આ બન્ને ગુણોની જાણ હવે ધીમે ધીમે આંતર રાષ્ટ્રીય રાજનીતિજ્ઞોના ધ્યાનમાં આવી છે. અને તેથી જ કદાચ ગુજરાતમાં શરું થયેલું અનામત આંદોલન પણ હવે આપણને "સ્વયંભૂ" લાગતું નથી. એની પાછળ પણ આંતર રાષ્ટ્રીય એજન્સીઓ કાર્યરત હોવાનું માનવામાં આવી રહ્યું છે. એવી જ રીતે કેન્દ્રીય સાહિત્ય અકાદમીના એવોર્ડ પાછા આપવાનું દુષ્કર્મ પણ આ આંતર રાષ્ટ્રીય ષડયંત્રના ભાગરૂપે જ થઈ રહ્યું હોય એવું ચર્ચાય છે.

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્ર મોદી જ્યારથી ભારતના વડાપ્રધાન બન્યા છે ત્યારથી અને તેમણે જે એક જ વર્ષમાં આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે પોતાની અને ભારતની જે ઈમેજ બનાવી છે તે જોઈને ભલભલા રાજનીતિજ્ઞો હક્કાબક્કા રહી ગયા છે. ભલે કેટલાક બુદ્ધિજીવીઓ, રેશનાલિસ્ટો કે વ્યંગ્યકારોએ તેમની આ હવાઈ યાત્રાઓ વિશે અવનવા વ્યંગ્ય કર્યા હોય... કેટલાક તો એવું પણ વિચારી રહ્યા છે કે આગામી સમયમાં મોદીજી યૂનોના વડા પણ થશે. અને થાય તો ગુજરાતી અને ભારતીય હોવાને નાતે આપણે સૌ એ ગૌરવ લેવું જોઈએ.

હવે ભારતની અને મોદીજીની વૈશ્વિક કક્ષાએ મજબૂત બનતી છબિને કારણે ભારતીય અન્ય રાજકીય પક્ષો કે ભારતના દુશ્મન દેશો કે આંતર રાષ્ટ્રીય રાજનીતિજ્ઞો ચૂપ બેસી રહે ખરા? આ જ કારણે દેશની અને મોદીજીની છબિ આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે ખરડાય એ માટે "સાહિત્ય" જેવા સો ટકા શુદ્ધ સંવેદનશીલ વિષય અને માધ્યમનો ઉપયોગ પ્રથમ વાર થઈ રહ્યો છે. આ રાજનીતિને હવે જ્યા ભલભલા રાજકારણીઓ નથી સમજી શક્યા ત્યા સાહિત્યકારો તો ક્યાંથી સમજી શકે? પણ શ્રી મોદીજી બીજા ચાણક્ય છે. એ વાત એમના દુશ્મનો ભૂલી ગયા લાગે છે. અત્યારે સાહિત્ય અકાદમીના પુરસ્કારો પાછા આપવાનો જે ખેલ ખેલાઈ રહ્યો છે એની પાછળ શું ચાલી રહ્યું છે. તેની ખુફિયા તપાસ કરતા જાણવા મળ્યું છે કે એક મોટો રાજકીય પક્ષ, આંતરાષ્ટ્રીય એન.જી.ઓ. અને મીડિયા - આ ત્રણ શક્તિને વિદેશમાંથી સંચાલિત કરવામાં આવી રહી છે. જેના દ્વારા આ પુરસ્કારો પરત કરવા કેટલાક સાહિત્યકારો સાથે વાટાઘાટો પણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે પરંતુ પુરસ્કારો પરત કરવાથી જે પ્રત્યાઘાતો પડે એ વિચારીને આ સાહિત્યકારોએ ના કહેલી. આ અસફળતાને કારણે આ તત્વોએ નહેરુજીનાં ભાણી શ્રી નયનતારાજી સહગલને મનાવ્યા અને ત્યાર બાદ એવા સર્જકોને મનાવ્યા કે જેમની સંસ્થાઓને મોટા પ્રમાણમાં વિદેશી આર્થિક સહાય મળતી હોય. (થોડા સમય પહેલા મોદી સરકારે આવી સંસ્થાઓને મળતી વિદેશી ગેરકાયદે આર્થિક સહ